જેણે મા ને જાણી એણે
ભગવાન જાણ્યા
- સંત વેમન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૪૨ | ૨૨ ફેબ્રુઆરી, ૨૦૧૩, શુક્રવાર; મહા સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# પૂર્વ ડીએસપી જી. એલ. સિંઘલની ધરપકડ

## ધરપકડ બાદ પુછપરછ હાથ ધરાઈ : સિંઘલની ધરપકડથી પોલીસ તંત્રમાં ચકચાર : કેટલીક નવી વિગત સપાટી પર આવે તેવી પણ પ્રબળ સંભાવના

અમદાવાદ, તા.૨૧

સમગ્ર દેશમાં ભારે ચર્ચા જગાવનાર ઈશરત જહાં બનાવટી એન્કાઉન્ટર કેસના મામલામાં આજે સીબીઆઈએ આઈપીએસ ઓફીસર જીએલ સિંઘલની ધરપકડ કરી હતી. ૧૯ વર્ષિય સાયન્સની વિદ્યાર્થિની ઈશરત અને તેના ત્રણ સાથીઓને ૧૫મી જૂન ૨૦૦૪ના દિવસે એક બનાવટી એન્કાઉન્ટરમાં અમદાવાદ ક્રાઈમ બ્રાંચ દ્વારા ઠાર મારી દેવામાં આવ્યા હતા. પોલીસે એ વખતે કહ્યુ હતુ કે ઈશરત, જાવેદ શેખ ઉર્ફે પ્રણેશ પિલ્લાઈ, અમજદઅલી રાણા અને જિસાન જોહર લશ્કરે તોયબાના સભ્યો હતા અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની હત્યા કરવાના ઈરાદેથી આવ્યા હતા. વરિષ્ઠ આઈપીએસ ઓફીસર સહીત ૨૦ પોલીસ અધિકારીઓની આ બનાવટી એન્કાઉન્ટર કેસમાં સીધી રીતે સંડોવણી રહેલી છે. સપ્ટેમ્બર ૨૦૦૯માં અમદાવાદ મેટ્રો પોલિટન મેજિસ્ટ્રેટ એસપી તમાંગે એન્કાઉન્ટરને બનાવટી ઠેરવ્યા બાદ ભારે હોબાળો મચી ગયો હતો. ૨૨ પોલીસ અધિકારીઓ સામે કેસ દાખલ કરવા માટે તેમણે સૂચના આપી હતી. ઓગસ્ટ ૨૦૧૦માં સુપ્રીમ કોર્ટ દ્વારા નિમવામાં આવેલી ખાસ તપાસ ટીમને ઈશરત કેસ પોતાના હાથમાં લેવા ગુજરાત હાઈકોર્ટે આદેશ કર્યો હતો. સીબીઆઈના ભૂતપૂર્વ ડિરેક્ટર આરકે રાઘવનના નેતૃત્વમાં સુપ્રીમ કોર્ટ દ્વારા ખાસ તપાસ ટીમ બનાવવામાં આવી હતી. સિંઘલ પ્રમોટેડ આઈપીએસ ઓફીસર છે. તેઓ ઈશરત અને અન્ય ત્રણને ઠાર મારવામાં આવ્યા ત્યારે ટુકડીના ભાગરૂપે હતા. ત્રણ આઈપીએસ અધિકારી સહિત ૨૦ પોલીસ અધિકારીના નામ આપ્યા હતા. સીબીઆઈને તપાસ થયો છે. તેમની આ કેસમાં પુછપરછ પણ શરૂ થઈ છે. પુછપરછમાં કોઈ નવી વિગત ખુલી



આ કેસમાં અન્ય ચાવીરૂપ આરોપીઓની સાથે તેઓ મુખ્ય આરોપી છે. ડીજી વણઝારા સૌહરાબુદ્દીન બનાવટી એન્કાઉન્ટર કેસમાં પહેલાથી જ જેલમાં છે. સીટે સોંપતી વેળા હાઈકોર્ટે મહત્વપૂર્ણ તારણો આપ્યા હતા. ૨૦૦૬ની બેચના આઈપીએસ ઓફિસર સિંઘલની ધરપકડ કરવામાં આવતા પોલીસમાં તર્કવિતર્કોનો દોર શરૂ છે કે કેમ તે અંગે માહિતી ખુલી નથી. એન્કાઉન્ટરમાં સીબીઆઈએ સિંઘલ હાજર હતા તેવી શંકાના આધારે ધરપકડ ગાંધીનગર ખાતે કરવામાં આવી છે.

## વાઈબ્રન્ટનો શો ફ્લોપ રહ્યો હતો હવે જુઠ્ઠાણા ચલાવવાનું બંધ કરો : શંકરસિંહ

ગાંધીનગર,તા. ૨૧

ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે રાજયપાલના પ્રવચનના આભાર પ્રસ્તાવની ચર્ચામાં ભાગ લેતા વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ રાજય સરકારની કડક શબ્દોમાં આલોચના કરી વેધક પ્રહારો કર્યા હતા.

વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ ભાજપ સરકારના વાયબ્રન્ટ મહોત્સવને ફલોપ શો ગણાવીને કહ્યું હતું કે રાજ્યમાં છેલ્લા ૧૦ વર્ષમાં માનીતા ઉદ્યોગપતિઓનો જ વિકાસ થયો છે. દક્ષિણ આફ્રિકા જેવા વિકસીત રાષ્ટ્રોના ઉદ્યોગપતિઓ ગુજરાતને કંઈ આપવા નહી પણ લેવા માટે આવે છે. વિકાસ થયો છે. એવા બંણગા ફુંકવામાં આવે છે પણ હકીકતે કોનો વિકાસ થયો છે. તે તો કહો, નર્મદાનું પાણી સાબરમતી નદીમાં ઠાલવીને હોડકા ફેરવવાનો વિકાસ થયો છે. દેશમાં ગુજરાત એવું રાજ્ય છે જેના સૌથી વધુ પોલીસ અધિકારીઓ જેલમાં છે. તમે કહો છો કે ગુજરાત આખા દેશને દુધ પૂરું પાડે છે પણ એ તમારા પ્રતાપે નહી પણ ડો. કુરિયનની મહેનતને લીધે ફળ મળ્યું છે. ગુજરાત આખા દેશને મીઠું પૂરું પાડે છે મધ્યમપ્રદેશ નર્મદાનું પાણી આવે છે તેમણે કયારેય એવું નથી કહ્યું કે અમે ગુજરાતને પાણી આપીએ છે. આપણે બાસમતી ચોખા ખાઈએ છીએ પણ તે લોકોએ નથી કહ્યું કે અમે ચોખા આપીએ છીએ. જુઠ્ઠુ બોલવું થોડા વખત માટેજ શોભે છે. કપાસમાં ખેડૂતોને એક રૂપિયાની પણ મદદ કરી નથી. ભ્રામક આંકડાઓ આપીને લોકો ગુમરાહ કરવામાં આવે છે.

## ગાંધીનગર સિવિલમાં વધુ એક સ્વાઈન ફલુનો દર્દી દાખલ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સ્વાઈન-ફલુનો વધુ એક કેસ નોંધાયો છે. એક જ સપ્તાહમાં આ બીજો કેસ મળતાં આરોગ્ય તંત્ર ચોંકી ઉઠ્યું છે.

મળતી વિગતો મુજબ સ્વાઈન-ફલુનો આ બીજો કેસ માણસા તાલુકામાં નોંધાયો છે. આ દર્દી પણ મહિલા છે. જેની આયુ ૨૫ થી ૨૭ વર્ષની હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે ૧૯મી તારીખે આ દર્દીને દાખલ કરવામાં આવેલ અને ગઈકાલે મોડી સાંજે તેના

● અનુસંધાન પાન-૭ પર













